સુવિચાર : નજીવી બાબતે જીવ ના બાળો.. અને કાયમ એ વિશ્વાસ રાખજો કે દરેક બાબત આખરે તો નજીવી જ છે - રિચાર્ડ કાર્લસન

**તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૨ | ૨૨ ઓગસ્ટ, ૨૦૧૫, શનિવાર ; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- એનએસએએ સ્તરની મંત્રણા મોકૂફ
- બેંકોમાં હવે બીજા તેમજ ચોથા શનિવારે રજા હશે
- કોલંબો ટેસ્ટમાં ભારત ૩૯૩ રન બનાવી ઓલઆઉટ
- શ્રીનગરમાં ફરી આઈએસ અને પાક.ના ધ્વજ દેખાયા
- જેટ એરવેઝના આશરે ૧૫૨ યાત્રીઓનો સહેજમાં બચાવ
- વૈશ્વિક ચિંતા વચ્ચે સેંસેક્સમાં વધુ ૨૪૨ પોઇન્ટનો નોંધપાત્ર ઘટાડો
- રામબાણમાં ત્રાસવાદી અડ્ડાનો પર્દાફાશ : શસ્ત્રો કબજે કરાયા
- જેટલી પીએસયુ બેંકોના વડા સાથે ટુંકમાં મિટિંગ કરવા માટે સુસજ્જ
- એલપીજી કનેક્શન તેમજ કુકિંગ સ્ટોવ પ્રક્રિયા ઓનલાઈન થશે
- હવે નરેન્દ્ર મોદી અને બારાક ઓબામા વચ્ચે હોટલાઇન

# ફરજીયાત મતદાનના કાયદા સામે મનાઈહુકમ

## કેસનો અંતિમ નિકાલ ન આવે ત્યાં સુધી જાહેરનામાના અમલીકરણ પર બ્રેક મુકવાનો કાર્યકારી ચીફ જસ્ટિસ જયંત પટેલે આદેશ કર્યો : સરકારને ફટકો : ગુજરાતમાં ટૂંક સમયમાં જ સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજનાર છે

ગાંધીનગર, તા. ૨૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ફરજીયાત મતદાનના કાયદાના અમલ સામે મળેલી રીટને પગલે ગુજરાત હાઈકોર્ટે સ્ટે આપ્યો છે. જે અંગે રાજ્ય સરકાર કાયદાકીય કાર્યવાહી કરીને સ્ટે ઉઠાવવા માટે રજુઆત કરશે.

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફરજીયાત મતદાન અંગેનો કાયદો બનાવતા આ કાયદા સામે એક વકીલે હાઈકોર્ટમાં પીટીશન કરતાં હાઈકોર્ટે સ્ટે આપી રાજ્ય સરકારના એટર્ની જનરલને નોટીસ પાઠવી છે. એમ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી નિતીનભાઈ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હાઈકોર્ટે જે સ્ટે આપ્યો છે તેનો અભ્યાસ કરવામાં આવશે. હાઈકોર્ટ દ્વારા શું કહેવામાં આવ્યું છે તે અંગે અભ્યાસ કરી સ્ટે ઉઠાવવા માટે કાયદાકીય અભ્યાસ કરીને યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરી હાઈકોર્ટ સમક્ષ રજુઆત કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફરજીયાત મતદાન અંગેનો કાયદો રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવ્યો હતો અને આ કાયદાને વિધાનસભામાં પસાર કરેલો છે.



**વૃક્ષો અને વાદળોનો એકાકાર** - સમી સાંજે ગાંધીનગરના પાદરે સર્જાતુ પ્રાકૃતિક દૃશ્ય અલૌકિક અનુભૂતિ કરાવે છે... જાણે કે વૃક્ષ અને વાદળો એકાકાર બની અદ્‌ભૂત નજારો નિર્માણ કરે છે... ઢળતો સૂરજ, લહેરાતી ડાળખીઓ, પંખીઓનો કલરવ અને વાદળોનો વૈભવ સમી સાંજને શણગારે છે... (તસવીર : દિપક જાની)

# પાટીદાર મહારેલીની તડામાર તૈયારીઓ

અમદાવાદ, તા.૨૧

અમદાવાદમાં પાટીદાર સમુદાયની અનામતને લઈને મહારેલીની તડામાર તૈયારીઓ



ચાલી રહી છે. આના ભાગરુપે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તૈયારીઓના ભાગરુપે પાટીદાર સમુદાયના આગેવાનો પહોંચ્યા હતા અને તૈયારીની સમીક્ષા કરી હતી. બીજી બાજુ રિવરફ્રન્ટથી જ પાટીદારો આઠ કિલોમીટર લાંબી રેલી યોજના માટે મક્કમ બનેલા છે. પાટીદારોની રેલીને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. અનામત રેલીને લઈને પાટીદારોએ કાર્યક્રમ તૈયાર કરી લીધો છે જેના ભાગરુપે સવારે આઠ વાગે કાર્યક્રમની શરૂઆત થઈ જશે. મહાસભાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. મહાસભા બાદ રેલી યોજનામાં આવશે. ૬૦૦૦૦ જેટલા સ્વયંસેવકો પણ સક્રિય થઈ ગયા છે.

### જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તૈયારીઓને લઇ આગેવાનો દ્વારા સમીક્ષા : ૬૦૦૦૦થી પણ વધારે સ્વયં સેવકો રહેશે : પાટીદારો રેલીને લઇને આક્રમક મૂડમાં

કાર્યક્રમને સફળ બનાવવા માટે આગોતરા આયોજન કરવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ ૨૫મીએ પાટીદારોની રિવરફ્રન્ટથી જીએમડીસી ગ્રાઉન્ડ સુધીની આઠ કિ.મી લાંબી રેલી યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રેલી સવારે નવ વાગ્યે ઈન્કમટેક્સ ગાંધીજીની પ્રતિમાથી નીકળી ઈન્કમટેક્સ અંડરબ્રિજ થઈને સરદાર પટેલ સ્ટેડિયમ આગળ થઈને સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી રેલી દર્પણ છ રસ્તા થઈને વિજય ચાર રસ્તાથી નીકળી હેલ્મેટ સર્કલથી જીએમડીસી ગ્રાઉન્ડ પહોંચશે. સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે સરદારની પ્રતિમાને પુષ્પાંજલિ કર્યા બાદ કેટલાક પાટીદાર આગેવાનો કલેક્ટરને આવેદનપત્ર આપવા જશે.

# મહારેલીને પગલે પોલીસ કર્મીઓની રજાઓ રદ

ગાંધીનગર, તા. ૨૧

અમદાવાદમાં ૨૫મીએ પાટીદારોની મહારેલીને ધ્યાને રાખીને અમદાવાદ શહેરના પોલીસ અધિકારીઓ-કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. અને પી.આઈ.ઓને પોલીસ સ્ટેશનો ન છોડવા આદેશો આપવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી અનામતની માંગ સાથે પાટીદાર સમાજ દ્વારા આંદોલન છેડવામાં આવ્યું છે. જે સમગ્ર રાજ્યમાં પ્રસરવા પામ્યું છે. પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગ સાથે આગામી ૨૫મી ઓગષ્ટના રોજ અમદાવાદમાં મહારેલીનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

૨૫ મીએ અમદાવાદમાં યોજાનારી અનામતની મહારેલી

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપા દ્વારા પ્રથમ ગરીબ કલ્યાણ મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

આજે ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ ગરીબ કલ્યાણ મેળામાં ૨૦૦થી વધુ લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવશે.

રાજ્ય ગૃહમંત્રી શ્રી રજનીકાન્ત પટેલ અને ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવેની ઉપસ્થિતિમાં નર્સિંગ કોલેજના હોલમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાની તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

આજે સવારે નવ વાગે યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળા માટે તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ પણ લાભાર્થીઓ માટે ઉભી કરવામાં આવી છે. આ મેળામાં સખીમંડળ ઉપરાંત શૌચાલયની વ્યક્તીગત સહાય સિવાયની સ્વરોજગારી માટેના લાભાર્થીઓને પણ સહાયનું વિતરણ કરવામાં આવનાર છે.

આજે મહાનગરપાલિકાનો આ પ્રથમ ગરીબ કલ્યાણ મેળો હોઈ સરકાર દ્વારા વિશેષ જાહેરાત પણ કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત મનપા દ્વારા પણ પ્રથમ ગરીબ કલ્યાણ મેળા સિવાય કોર્પોરેશન દ્વારા સૂચવાયેલા વિકાસ કામોની પેન્ડીંગ દરખાસ્ત બાબતે પણ રજુઆત કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

આજે મેળાના સ્થળની મ્યુનિ. કમિશનર તેમજ મેયર, ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને પણ મુલાકાત લઈ તૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો.

# નાગરિકોને સુરક્ષા આપવામાં ગુજરાત પોલીસ મોખરે

## ભાવનગર, બોટાદ, અમરેલી જિલ્લાના બાવન પોલીસ મથકોના કાર્યક્ષેત્રનો નવી ભાવનગર રેંજમાં સમાવેશ થયો

અમદાવાદ, તા.૨૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે રાજયમાં કાયદો-



વ્યવસ્થાની સંગીન સ્થિતિ અને પ્રજાના જાન-માલની સુરક્ષાની જીમ્મેદારી નિભાવતા પોલીસ બેડા પોલીસ પ્રજાનો મિત્ર છે. તેની માનવીય સંવેદના જગાવવામાં ગુજરાત પોલીસ અગ્રેસર રહી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુન્હેગારો, સમાજને રંજાડતા તત્વો પર ધાક અને કડપ હોય તે સાથે વરિષ્ઠ નાગરિકો, માતા-બહેનો, દીકરીઓ બાળકોમાં આ પોલીસ જવાનો પ્રત્યે અહોભાવ જાગે તેવું કર્તવ્ય પાલન અને ફરજ નિષ્ઠા પોલીસ દળની હોવી જોઈએ. મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસ દળની ૯મી રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગનો ભાવનગરમાં કાર્યારંભ કરાવતા સંબોધી રહ્યા હતા.

આ નવી રેન્જમાં સૌરાષ્ટ્ર ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાના ૫૨ પોલીસ મથકો, ૪૭ આઉટ પોસ્ટ અને ૩૮ પોલીસ ચોકીઓનો કાર્ય વિસ્તાર આવરી લેવાયો છે. આનંદીબેન પટેલ આ અવસરે ભાવનગર શહેરના ભરતનગર પોલીસ મથકનો ડીઝીટલ લોકાર્પણ સંપન્ન કર્યો હતો. તેમણે કહ્યું કે પ્રજા વર્ગોને હવે પોલીસ સાથે પોતાના કામકાજમાં આ નવી રેન્જ કાર્યરત થતા સરળતા રહેશે. તેમજ સમયનો બચાવ થશે. મુખ્યમંત્રીએ આ નવી રેન્જના કાર્યારંભ પ્રસંગે એક પ્રસંશ્ય પહેલરૂપ ભાવનગર પોલીસ અધિક્ષક અને નવીન રેન્જના પોલીસ અધિકારીઓએ અતિકુપોષીત ૫૨૫ બાળકોને દત્તક લેવાનું જે સેવા દાયિત્વ દાખવ્યું છે. તેની પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે પોલીસ એટલે દંડો લઈને ફરે તેવી જનમાનસની છાપ દુર કરી માનવતા સ્પર્શી આ નવા દૃષ્ટિકોણની અતિકૃપોષીત બાળકોને પોષણક્ષમ બનાવવાની જીમ્મેદારી લેવાની આ પહે સુરક્ષાકર્મીઓની સેવા પરાયણતાને ઉજાગર કરે છે.


બમ્પર ધમાકા
તહેવાર તથા લગ્ન પ્રસંગે ખાસ ઓફર
૨ ખરીદો ૧ ફ્રી મેળવો
જીન્સ પેન્ટ
કોટન પેન્ટ
શર્ટ
ટી-શર્ટ
મુરલીધર
ફેક્ટરી આઉટલેટ
C/7-8, કોબા એપરલ પાર્ક, હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર. (સમય: ૯ થી ૭)
૬૬, ન્યુ ગ્રીન માર્કેટ, અનુપમ થિયેટરની સામે, ખોખરા, અમદાવાદ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



